અપીલ અરજી નં.૩૨૫ તા.૧૦–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી શફીભાઈ શેખ મજીદ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શફીભાઈ શેખ મજીદની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) તા. ૨૧–૬–૧૧ના રોજ સેન્ટ્રલઝોન કચેરીનો સ્ટાફ વોર્ડ નં–૧, નોંધ નં.૩૧૦૫ વાળી સરકારી જમીનમાં થયેલ નવું ગેરકાયદેસર બાંધકામ તોડી ગયેલ તે તોડવા પહેલા અને તોડયા બાદ થયેલ કાર્યવાહી, રીપોર્ટ સહિતની વિગત મુદ્દા નં. (૨) ત્યાર બાદ એ જ બાંધકામ ફરી થતાં તા.૫–૮–૧૧ થી આપેલી અરજી અનુસંધાને થયેલી કાર્યવાહીની વિગત સહિતની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૫/૨૦૧૧–૧૨

શ્રી શફીભાઈ શેખ મજીદની તા. ૧૧–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) તા. ૨૧–૬–૧૧ના રોજ સેન્ટ્રલઝોન કચેરીનો સ્ટાફ વોર્ડ નં–૧, નોંધ નં.૩૧૦૫ વાળી સરકારી જમીનમાં થયેલ નવું ગેરકાયદેસર બાંધકામ તોડી ગયેલ તે તોડવા પહેલા અને તોડયા બાદ થયેલ કાર્યવાહી, રીપોર્ટ સહિતની વિગત મુદ્દા નં. (૨) ત્યાર બાદ એ જ બાંધકામ ફરી થતાં તા.૫–૮–૧૧ થી આપેલી અરજી અનુસંધાને થયેલી કાર્યવાહીની વિગત સહિતની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૦– ૧૦ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તા. ૨૧–૬–૧૧ના રોજ નિર્દિષ્ટ કામગીરી થયેલ હોય તો તેની તથા તા. ૫–૮–૧૧ની અરજી થયેલ હોય તો તે અંગેની દફતરી હકીકત નકલ સહ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ /૯૩૭ તા.૧૪–૧૦–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને તા. ૨૧–૬–૧૧ ની ઘટના અંગે કોઈ આધાર તેઓની કક્ષાએ હોય તો રજુ કરવા તથા તા. ૫–૮–૧૧ની અરજી આપ્યાના આધાર સહ નકલ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ /આ.નં. ૧૪૦૦ તા.૧–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૭૭ તા.૮–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ જવાબ મળ્યો નથી તેવું જણાવી તા.૧૦–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં. ૯૭૭ તા.૮–૯–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) તા. ૨૧–૬–૧૧ના રોજ સેન્ટ્રલઝોન કચેરીનો સ્ટાફ વોર્ડ નં–૧, નોંધ નં.૩૧૦૫ વાળી સરકારી જમીનમાં થયેલ નવું ગેરકાયદેસર બાંધકામ તોડી ગયેલ તે તોડવા પહેલા અને તોડયા બાદ થયેલ કાર્યવાહી, રીપોર્ટ સહિતની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની નકલ રૂા.૨/– સેન્ટ્રલઝોન કચેરીએ ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. અરજદારે રૂા.૨/– ભરપાઈ કરી માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગે બંને પક્ષકારો પૈકી કોઈ પણ પક્ષકારે તે બાબતે પ્રકાશ પાડેલ નથી. જે અંગે અરજદાર રૂા.૨/– ભરપાઈ કરી માહિતીની નકલ મેળવવાની રહે છે. મુદ્દા નં. (૨) ત્યાર બાદ એ જ બાંધકામ ફરી થતાં તા.૫–૮–૧૧ થી આપેલી અરજી અનુસંધાને થયેલી કાર્યવાહીની વિગત સહિતની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ ચકાસતાં મળી આવેલ નથી. તેવું જણાવેલ છે. અરજદારને અપીલ તબકકે તા.૫–૮–૧૧ ની અરજી આપ્યાના આધારસહ નકલ રજૂ કરવા તક આપવા છતાં તેઓ રજૂ કરવામાં સફળ રહેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પણ આવી કોઈ અરજી મળેલ છે કે કેમ? તથા મળેલ હોય તો તે પર થયેલ ન થયેલ કાર્યવાહી વિશે કોઈ પ્રકાશ પાડેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ માં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની તા.૫–૮–૧૧ ની અરજી જો તેમને મળેલ હોય તો તે બાબતે થયેલ ન થયેલ કાર્યવાહીની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અને અરજી મળેલ ન હોય તો તે મુજબનો પ્રત્યુત્તરની વિગત દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૨ બાબતે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ દખાસ્ત અનુસાર રૂા.૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી શફીભાઈ શેખ મજીદ